# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/286 Dt. 08/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને જીતોના સ્વયં વિંગ દ્વારા સંયુક્ત રીતે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગ યોજાઇ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના સ્વયં વિંગ દ્વારા સંયુક્ત રીતે મહિલા ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયિક નેટવર્કિંગ અને સહકાર માટે પ્લેટફોર્મ પૂરૂં પાડવાના હેતુથી બુધવાર, તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સુરતના અમોરા ખાતે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, મહિલા ઉદ્યોગ સાહસિકો આજના સમયમાં માત્ર વ્યવસાય સુધી સીમિત નથી, પરંતુ તેઓ નવી વિચારધારા, નવી ટેકનોલોજી અને નવી વ્યવસાયિક સંસ્કૃતિને આગળ ધપાવી રહી છે.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે વુમન આંત્રપ્રિન્યોર સેલની પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહિલા ઉદ્યોગ સાહસિકોને એકબીજા સાથે જોડીને નવી વ્યવસાયિક તકો ઉભી કરવાનું ચેમ્બરનું મુખ્ય લક્ષ્ય છે. વુમન આંત્રપ્રિન્યોર સેલની આગામી બે ફેસ ટુ ફેસ મિટીંગ અંગેની જાહેરાત પણ તેમના દ્વારા કરવામાં આવી હતી.

જીતોના સ્વયં વિંગના ચેરપર્સન સુશ્રી ધારા શાહ દ્વારા જીતો સ્વયં વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમણે સ્વયં દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોના સશક્તિકરણ માટે હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓ, તાલીમ કાર્યક્રમો તથા વ્યવસાય વિકાસ માટેના પ્રયાસો વિષે માહિતી આપી હતી.

ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીગ, મુખ્ય આકર્ષણ રહયું હતું, જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને સીધી વાતચીત અને વ્યવસાયિક ચર્ચા માટે તક આપવામાં આવી હતી. આ સત્રનું સંચાલન વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઇઝર શ્રીમતી સ્વાતિ શેઠવાલા તથા જીતોના સુશ્રી હિરલ બાવીશી અને સુશ્રી પિયુષા ચૌધરી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ સત્ર દરમિયાન વિવિધ ક્ષેત્રોની મહિલા ઉદ્યોગ સાહસિકોએ પોતાના વ્યવસાય, સેવાઓ અને સહકારની શક્યતાઓ અંગે ચર્ચા કરી હતી, જેના પરિણામે અનેક નવી બિઝનેસ કનેક્શન્સ સ્થાપિત થયા હતા.

કાર્યક્રમના અંતે ચેમ્બરના સભ્ય ડો. બંદના ભટ્ટાચાર્ય દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી હતી, જ્યારે જીતોના સ્વયં તરફથી સુશ્રી જિનલ સંઘવીએ મિટીગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.